જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૧૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૨૦	૧૧	૧૧૬૩૧	૧૭૭૩૧	૧૧	૧૭૭૪૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૬	૦	૯૬	૩૪૧	૦	૩૪૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૨૭૮૬	૩૮૪	૬૩૧૭૦	૬૩૩૭૯	૩૭૦	૬૩૭૪૯
કુલ		૭૯૨૩૧	૩૯૫	૭૯૬૨૬	૮૭૭૧૫	૩૮૧	૮૮૦૯૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૫	૩,૪૩,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૬૬૮	૨૬,૬૮,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ટેમ્પો ટ્રાવેલર્સ મીની બસની ચોરી કરી કરનાર ચોર ઇસમને રાજસ્થાન ડુંગરપુર ખાતેથી મુદ્દામાલ સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રાના પવિત્ર તહેવાર ને લઇને પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે તેમજ તાજેતર મા બનેલ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૧૦૩૭ /૨૦૨૧ તા.૦૩/૦૭/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુન્હાના કામે ટેમ્પો ટ્રાવેલર્સ મોડલની મીની બસ RTO NO-GJ-01-FT-3067 ની ચોરી કરનાર ચોર ઇસમ ની સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત આધારે સદરી મુદ્દામાલ ની ચોરી કરનાર ચોર ઇસમ મુદ્દામાલ સાથે રાજસ્થાન ડુંગરપુર ખાતે ભાગી ગયેલ અને જેની હકિકત મેળવી તાત્કાલીક ના.પો.કમિ.શ્રી ઝોન-૪ શ્રી અમદાવાદ શહેર નાઓની મંજુરી મળવાની સરતે રાજસ્થાન ડુંગરપુર ખાતે જઇ ત્યા રાજસ્થાન રાજય ની સ્થાનીક પોલીસ ની મદદ મેળવી આરોપી ની બાતમી હકિકત વાળી જગ્યાએથી આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડી અત્રેના પો.સ્ટે અમદાવાદ શહેર કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે લાવી મુદ્દામાલ ટેમ્પો ટ્રાવેલર્સ મોડલની મીની બસ RTO NO-GJ-01-FT-3067 ની જેનો ચે.નં-MC1E4CBA3BP008200 તથા એ.નં-D37006960 નો છે જે સફેદ કલરની ટેમ્પો ટ્રાવેલર્સ ની હાલની કિ.રૂ.૪,૦૦,૦૦૦/-ની મત્તાની પંચનામાં વિગતે કબ્જે કરેલ હોય તે અંગે મુ.પા.ફડાવી આરોપીની પૂછપરછ કરી કોરોના ની સારવાર બાદ રિપોર્ટ નેગેટીવ આવતા તા.૦૫/૦૭/૨૦૨૧ ના ક.૧૭/૧૦ વાગે અટક કરી વધુ તપાસ જારી રાખી વાહન ચોરીનો ગુન્હો ડિટેક કરી **સારી કામગીરી** કરેલ છે તા.૦૬/૦૭/૨૦૨૧

આરોપીઓના નામ સરનામા:-

પપ્પુ સ/ઓ રામલાલ જાતે કટારા ઉ.વ.૨૫ રહે,ગામ-ગલેંદર તા,બિછુવાળા જીલ્લા-ડુંગરપુર થાના-કોટવાલી રાજસ્થાન

મુદ્દામાલ:-

મુદ્દામાલ ટેમ્પો ટ્રાવેલર્સ મોડલની મીની બસ RTO NO-GJ-01-FT-3067 ની જેનો ચે.નં-MC1E4CBA3BP008200 તથા એ.નં-D37006960 નો છે જે સફેદ કલરની ટેમ્પો ટ્રાવેલર્સ ની હાલની કિ.રૂ.૪,૦૦,૦૦૦/-ની મત્તાની

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લોકરક્ષક જયપાલસિંહ નરેન્દ્રસિંહ બ.નં-૧૨૬૫૦




નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

છેલ્લા ચાર વર્ષથી જી.યુ.વી.એન.એલ પો.સ્ટેશન સાબરમતી અમદાવાદના વીજ ચોરીના ગુનામા નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ તથા અ.પો.કો વિજય મગનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે જી.યુ.વી.એન.એલ પો.સ્ટેશન સાબરમતી અમદાવાદના સે.ગુ.ર.ન ૧૨૪૧/૨૦૧૭ ધી ઇન્ડી.ઇલે.સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(એ) મુજબના ગુનામા છેલ્લા ચાર વર્ષથી નાસતો-ફરતો આરોપી સરફરાજ ઉર્ફે સપ્પલી રફીકઅહેમદ શેખ ઉ.વ ૩૬ રહે મ.ન ૧૪૩ રજજબશેઠની ચાલી ઇસનપુર પો.સ્ટેશન સામે મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેર નાને મિલ્લતનગર ચારમિનાર મસ્જીદ પાસેથી તા.૦૫/૦૭/૨૦૨૧ ના કલાક ૧૫/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી પાડી જી.યુ.વી.એન.એલ પો.સ્ટેશન સાબરમતી અમદાવાદ ખાતે સોપવા તજવીજ કરેલ છે તા.૦૫/૦૭/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૨૧૪/૨૦૨૧**

પાલડીઃ નિરવ રશ્મિકાંત દોશી (ઉ.વ.૩૭) (રહે. સુમંગલ એપાર્ટમેન્ટ અંકુર સ્કુલ પાસે બેંક ઓફ બરોડા પાલડી) એ તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુલાઇ-૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સંજય થોર્મસ (રહે.૫૬/ઇસ્ટ સોમા સુંદર પલ્યા ૨૭/મેઇન સેકટર-૨ એચ.એસ.આર લેઆઉટ બેંગ્લોર) એ પાલડી જલારામ મંદીર સામે સંકલ્પ સ્કવેર-૨ રોલેજ પ્રા.લી કંપની ઓફીસ નં.૪૦૫ ખાતે લોભામણી વાતો કરી “ઇન્વેસ્ટમેન્ટ કરશો તો ૧૮% ફાયદો થશે” તેમ કહી ઇન્વેસ્ટમેન્ટના નામે નિરવ દોશી પાસેથી કુલ રૂપિયા ૬,૫૦,૦૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૨૧૫/૨૦૨૧**

સેટેલાઈટઃ રાજીવભાઇ રમેશચંદ્ર પરીખ (ઉ.વ.૫૯)(રહે.યોગાશ્રમ સોસાયટી, કેન્યુગ ફલેટ સામે, સેટેલાઈટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૧ સાજના ૭/૪૫ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ શિલ્પ ઝવેરી બિલ્ડીંગ વેસ્ટ સાઈડ શો રૂમ શ્યામલ ચાર રસ્તા પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૩૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

સોનાની ચેઈન/મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૨૧૬/૨૦૨૧**

કાગડાપીઠઃ દેવીશા હેમાંશુભાઈ સોની (ઉ.વ.૧૮) (રહે. સરોવર ફ્લેટ ઔદિચ્યનગર મંગલ પાર્ક રોડ કાંકરીયા) તા.૦૪/૦૭/૨૦૨૧ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે રેલ-વે યાર્ડ મન્સુરી કબ્રસ્તાન નજીકથી સાયકલ ચલાવી પસાર થઈ રહયા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દેવીશા સોનીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૩,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દેવીશા સોનીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

ખોખરાઃ અનસુયાબહેન નારણભાઇ પવાર (ઉ.વ.૭૫) (રહે. સિયોનનગર બસ સ્ટેન્ડ પાસે અલાયન્સ ચર્ચ સામે મણીનગર પૂર્વ) એ તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઘર બહાર ખુલ્લી જગ્યામાં સુતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અનસુયાબહેન પવારના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરેશભાઈ જગાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૧૭/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ બોડકદેવ જજીસ બંગલા રોડ ઓમ પાયલ ફ્લેટ ત્રીજા માળે રહેતા ચોથારામ નગારામ રબારી (ઉ.વ.૨૨) (મુળ રહે.ગામ-જુજાણી તા-ભીનમાલ જી-ઝાલોર રાજસ્થાન) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં ટુવાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જીમીભાઈ પ્રકાશભાઈ ચલાવે છે.

નિકોલઃ ગોરધનભાઇ બળદેવભાઇ પ્રજાપતી (ઉ.વ.૬૫) (રહે. સત્ય ગોકુલ-૧ કઠવાડા ગામની બાજુમાં નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૭/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી